# શેઠ દેવકરણ મુળજી સૌરાષ્ટ્ર વિશાશ્રીમાળી જૈન બોર્ડીંગ

''મહેતા ટ્રસ્ટ બીલ્ડીંગ'', એરપોર્ટ રોડ, કેતન વિદ્યાલયની બાજુમાં, રાજકોટ - ૩૬૦ ૦૦૭. ફોન : ૦૨૮૧-૨૪૫૧૨૫૩

## બોર્ડીંગમાં એડમીશન મેળવવા અંગેના નિયમો

(૧) પ્રવેશ મેળવવા માટે બોર્ડીંગે નિયત કરેલ ફોર્મમાં અરજી કરવાની રહેશે.

(૨) ફોર્મ સાથે પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડી સુંદર અને સ્વચ્છ અક્ષરે ભરવું. અધુરી કે ખોટી વિગતવાળું ફોર્મ રદ થશે.

(૩) આગલા વર્ષની એકઝામ પાસ કરનારને જ એડમીશન આપવામાં આવશે.

(૪) ફોર્મ સાથે જ ટ્રસ્ટી મંડળ દ્વારા નક્કી કરવામાં આવેલ બન્ને ટર્મની ફી તથા ડીપોઝીટની રકમ લોકલ ચેક અથવા ડ્રાફટથી ભરવાની રહેશે.

(૫) ફોર્મ સાથે જ માકશીટની ટુ કોપી આપવાની રહેશે.

(૬) ફોર્મ સાથે જ રાજકોટની સ્કુલ-કોલેજમાં એડમીશન મળ્યાંનો દાખલો એટલે કે ફી ભર્યાની ઝેરોક્ષ રજુ કરવાની રહેશે.

(૭) ફોર્મ સાથે જ વિદ્યાર્થીએ જૈન હોવાનો દાખલો એટલે કે પોતાના ગામના સંઘનું સર્ટીફીટેક રજુ કરવાનું રહેશે.

(૮) કમીટીની મીટીંગમાં મંજુર થયે એડમીશન કન્ફર્મ ગણાશે.

(૯) રીજેકટ કરવામાં આવેલ ફોર્મ અંગે કારણ દર્શાવવા માટે કમીટી કે ટ્રસ્ટી મંડળ બંધાયેલ નથી.

(૧૦) બે હપ્તે ફી ભરનાર વિદ્યાર્થીએ પોતાના વાલીની ઈન્કમનો દાખલો આપવો જરૂરી છે.

## બોર્ડીંગમાં રહેવા અંગેના નિયમો

(૧) બોર્ડીંગમાં એડમીશન મળ્યે જે રૂમ, પલંગ એલોટ કરવામાં આવે ત્યાંજ વિદ્યાર્થીએ રહેવું પડશે.

(૨) સવારે તથા સાંજે પ્રાર્થનામાં હાજર રહેવું અનિવાર્ય છે. ગેરહાજર રહેનાર વિદ્યાર્થી સજાને પાત્ર છે.

(૩) બોર્ડીંગમાં આવેલ દેરાસરમાં સવારે દર્શન તથા પુજા અને સાંજે આરતી-મંગળ દિવા સમયે હાજર રહેવું અનિવાર્ય છે.

(૪) સુપ્રિન્ટેન્ડન્ટશ્રી તથા કેટરર્સએ સંયુક્ત રીતે જાહેર કરેલ નિયત સમય દરમ્યાન સવારે ચા-દૂધ નાસ્તો, લંચ તથા ડીનર લઈ લેવું ફરજીયાત છે.

(૫) રજીસ્ટરમાં સહી કર્યા બાદ ભોજન લેવાનું રહેશે. જે દિવસે ભોજન લેવું ન હોય તેના આગલા દિવસે સુપ્રિન્ટેન્ડન્ટશ્રીને લેખીત જાણ કરવાની રહેશે.

(૬) જૈન ધર્મમાં મનાઈ હોય તેવા ખાદ્ય પદાર્થ કે પીણાં બોર્ડીંગ પ્રિમાયસીસમાં લાવી શકાશે નહિં.

**(૭) વિદ્યાર્થી કોઈપણ કારણસર બહાર ગયેલ હોય તો રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં બોર્ડીંગમાં પરત આવી જવું ફરજીયાત છે.**

(૮) અનિવાર્ય સંજોગોમાં મોડું થાય એમ હોય ત્યારે સુપ્રિન્ટેન્ડન્ટશ્રીની અગાઉથી લેખીત મંજુરી લેવી જરૂરી છે.

(૯) વિદ્યાર્થીએ પોતાના ગામ જવું હોય ત્યારે જવાનોસમય તથા પરત ફરવાનો સમય સ્પષ્ટ દર્શાવી સુપ્રિન્ટેન્ડન્ટશ્રીની લેખીત જાણ કરી જવાનું રહેશે. પોતાના ગામથી પરત રાત્રે ૧૦ વાગ્યા સુધીમાં બોર્ડીંગમાં આવી જવાય એ રીતે જ આવવાનું રહેશે. તથા પરત આવીને સુપ્રિન્ટેન્ડન્ટને રીપોર્ટીંગ કરવાનું રહેશે.

(૧૦) બહારની કોઈપણ વ્યકિતએ વિદ્યાર્થીના રૂમમાં જવાની સખ્ત મનાઈ છે. તેઓને જે વિદ્યાર્થીનું કામ હોય તે વિદ્યાર્થીનું નામ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી કે ચોકીદારને જણાવી વિદ્યાર્થીને ઓફીસ પાસે બોલાવવાના રહેશે. મુલાકાતીએ વીઝીટર રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૧૧) પાન-ફાકી-ગુટકા લઈને બોર્ડીંગમાં આવવાની મનાઈ છે. વિદ્યાર્થીના ખીસ્સામાં કે મોઢામાં ઉપરોક્ત વસ્તુ જણાશે તો તે વિદ્યાર્થીને કાઢી મુકવામાં આવશે. આજ રીતે બોર્ડીંગમાં સ્મોકીંગની પણ સખ્ત મનાઈ છે.

(૧૨) કોઈપણ જાતના ઈલેકટ્રીક કે ઈલેકટ્રોનીક ઉપકરણો સુપ્રિન્ટેન્ડન્ટશ્રીની પૂર્વ મંજુરી બાદ જ રૂમમાં રાખી શકાશે.

(૧૩) સ્કુલ કે કોલેજમાં લેવાતી અર્ધવાર્ષિક, ત્રિ-માસીક, પ્રિલીમીનરી ટેસ્ટની માર્કશીટની ઝેરોક્ષ સુપ્રિન્ટેન્ડન્ટશ્રીને આપવી જરૂરી છે.

(૧૪) અભ્યાસની સાથે કોઈ વિદ્યાર્થી સર્વિસ કરતા જણાશે તો તે વિદ્યાર્થીનું એડમીશન તાત્કાલીક અસરથી રદ કરવામાં આવશે.

(૧૫) સંસ્થા તરફથી અપાતી સગવડો જેમ કે નાસ્તો, ભોજન, રૂમ, ફર્નીચર, પાણી વગેરે સંસ્થાની અનુકુળતા મુજબ આપવામાં આવે છે. આ અંગે કોઈપણ જાતનો હક્ક કે દાવો રજુ થઈ શકશે નહિ.

(૧૬) વેકેશન દરમ્યાન કે અભ્યાસ પુરો થઈ ગયા બાદ બોર્ડીંગ છોડતા પહેલા વિદ્યાર્થીને આપવામાં આવેલ ગાદલું, ઓશીકું, ઓછાડ, ચાદર, કવર વગેરે મુળ સ્વરૂપે સુપ્રિન્ટેન્ડન્ટશ્રીને સોંપવાની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

(૧૭) સંસ્થાના બિલ્ડીંગમાં દિવાલ ઉપર, બાથરૂમ, સંડાસ બારી-બારણાં વગેરે જગ્યાએ ગંદકી ફેલાવનાર કે નુકશાન કરનાર વિદ્યાર્થીની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. નુકશાની વધારે હશે તો ડીપોઝીટ ઉપરાંત વધારાની રકમ વસુલ કરવામાં આવશે.

(૧૮) ડીપોઝીટની રકમ વાલીને અથવા તો વિદ્યાર્થીને વાલીના ઓથોરીટી લેટર તથા ડીપોઝીટની ઓરીજીનલ રસીદ રજુ કર્યા બાદ જ પરત કરવામાં આવશે.

(૧૯) વેકેશન દરમ્યાન બોર્ડીંગમાં રહેવા માંગતા વિદ્યાર્થીએ સુપ્રિન્ટેન્ડન્ટશ્રીને લેખીતમાં જાણ કરી તેનો નિયત કરેલ ચાર્જ અલગથી ભરવો પડશે.

(૨૦) અસભ્ય વર્તન, વાણી વિલાસ, ચારિત્રમાં ખામી કોઈપણ પ્રકારની ચળવળ, તોફાન, ઉશ્કેરણી, સ્વછંદીપણું, અભ્યાસમાં બેકાળજી વગેરે વિદ્યાર્થીમાં જોવામાં આવશે તો તે જ ક્ષણે વિદ્યાર્થીને બોર્ડીંગમાંથી કાઢી મુકવામાં આવશે.

(૨૧) ટ્રસ્ટી/સેક્રેટરીશ્રીને વિદ્યાર્થીને કોઈપણ ક્ષણે કારણ આપ્યા વગર બોર્ડીંગમાંથી કાઢી મુકવાનો અબાધિત અધિકાર રહેશે.

(૨૨) બોર્ડીંગનું શૈક્ષણિક વર્ષ ૧ લી જુલાઈ થી શરૂ થશે અને ૩૦ મી એપ્રીલના વર્ષ પૂરૂ થયેલ ગણાશે.

ઉપરોક્ત નિયમો અમે બરાબર વાંચીને સમજયા બાદ જ બોર્ડીંગમાં એડમીશન લીધેલ છે. આ નિયમોનો તથા ભવિષ્યમાં ઉમેરવામાં આવેલ નવા નિયમોનો કોઈપણ પ્રકારે અમારા તરફથી ભંગ થાય તો અમારી ડીપોઝીટની રકમ જપ્ત કરી અમારૂ એડમીશન કેન્સલ કરી શકાશે. આ અંગે કોઈપણ જાતનો વાદ-વિવાદ કે ચેલેન્જ ચાલી શકશે નહિં. તેની ખાતરી આપીએ છીએ.